
# ૧૭ પત્રનો પ્રવાસ

W4F3X3




હું પત્ર (letter-લેટર) છું. મને શામીરાએ તેના મિત્ર સલમાનને પેન વડે લખ્યો છે. મને ટપાલપેટીમાં (letterbox-લેટરબોક્સ) મૂકવામાં આવ્યો. ટપાલી (postman-પોસ્ટમેન) એ મને બહાર કાઢ્યો. મને બૅગ(થેલા)માં મૂક્યો. ટપાલીની સાઇકલ ઉપર સવારી કરીને હું પોસ્ટ-ઑફિસ પહોંચ્યો. ત્યાં મને બૅગમાંથી બહાર કાઢવામાં આવ્યો અને મારા ઉપર સખત છાપ (stamp-સ્ટેમ્પ) પાડવામાં આવી. છાપ વડોદરાની હતી, જ્યાંથી મારી સફર શરૂ થઈ.

મારા ઉપર છાપ લાગ્યા પછી મને મોટી બૅગમાં મૂક્યો. આ બૅગમાં બીજા ઘણા પત્રો હતા, બધા અમદાવાદના હતા. લાલ રંગની ટપાલવિભાગની ગાડીએ મને રેલવે-સ્ટેશન ઉતાર્યો. ત્યાંથી મને અમદાવાદની ટ્રેન મળી.

એક દિવસની યાત્રા પછી, હું અમદાવાદ પહોંચ્યો. સરનામા પર લખેલા વિસ્તાર મુજબ મને અલગ કરવામાં આવ્યો. અહીં મારા પર બીજી છાપ પાડવામાં આવી. છેવટે, ટપાલીએ મને સલમાનના ઘરે પહોંચાડ્યો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચે ચિત્રોમાં પત્રની મુસાફરી આપેલ છે. અહીં ચિત્રો ક્રમ મુજબ નથી. તેને યોગ્ય ક્રમમાં ગોઠવવા, વર્તુળમાં ક્રમાંક લખો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શામીરાએ સલમાનને પત્ર લખ્યો. વર્ગમાં તમારા મિત્રને પત્ર લખો. તમારા મિત્રનું નામ લખવું ભૂલશો નહિ.

દરેકે પત્ર લખ્યો, પરંતુ તે આપણે ક્યાં પોસ્ટ કરવો ?

## વર્ગ માટે ટપાલપેટી બનાવો :

- એક ખાલી ખોખું લો.
- તેને લાલ રંગ કરો અથવા લાલ રંગનો કાગળ ચોંટાડો.
- ખોખાના કવર ઉપર કાતરની મદદથી કાપો કરો. પત્ર નાખી શકાય એટલો કાપો ખોખા ઉપર હોવો જોઈએ.

## હવે, ટપાલપેટી તૈયાર છે !

તમારો પત્ર ટપાલપેટીમાં નાખો. તમારા મિત્રએ તમને લખેલા પત્રની રાહ જુઓ.

એક બાળક ટપાલી બનશે. તે ટપાલપેટીમાંથી પત્રો લઈ લેશે અને બધાં બાળકોને વહેંચશે.

શું તમે તમારા મિત્રના પત્રને વાંચી મજા માણી ?

જેવી રીતે તમે તમારા મિત્રને પત્ર લખ્યો, તેવી જ રીતે તમારા મિત્રો અને સગાં-સંબંધીઓએ પણ તમને પત્રો લખ્યા જ હશે. થોડા પત્રો ઘરેથી લઈ આવો. જુઓ કેટલા અલગ પ્રકારના પત્રો છે !



- આ પત્રોમાં તમે શું અલગ જોયું ?
- કયા-કયા પત્રો પર ટિકિટ છે ?
- શું બધી ટિકિટ એક જેવી છે ? શું અલગ છે ?
- શું તમે પત્ર પર પોસ્ટ-ઑફિસનો સિક્કો જોયો ?

બાળકો તેમના મિત્રોને લખેલા પત્રના સમાચાર એકબીજાને જણાવી મજા માણશે. તેઓને પત્રો લખવા પ્રોત્સાહિત કરો. અલગ-અલગ પ્રકારના પોસ્ટની ટિકિટનો સંગ્રહ કરો. પૃષ્ઠ૧૧૪, ઉપર એક મહિલા પોસ્ટ-ઑફિસમાં કામ કરતી બતાવી છે. કુટુંબ અને સામાજિક રીતે ચર્ચા કરી જાતિની વ્યાખ્યા કરો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જુદા-જુદા પ્રકારની સ્ટેમ્પ (ટપાલની ટિકિટ) સંગ્રહ કરી અને નીચે લગાવો :

| | | |
|---|---|---|
| | | |
| | | |
| | | |


પોસ્ટ-ઑફિસમાંથી મળતી હોય તેવી વસ્તુઓને ઓળખો અને તેનું નામ લખો.

| | | |
|---|---|---|
|  |  |  |
| | | |
|  |  |  |
| | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

નીચે આપેલા પોસ્ટકાર્ડમાં તમારું પૂરું સરનામું લખો :




## વિચારો અને લખો :

શામીરાનો પત્ર વડોદરાથી ટ્રેન દ્વારા પહોંચ્યો. જ્યારે ટ્રેન ન હતી ત્યારે પત્રો કેવી રીતે પહોંચતા હશે? ચર્ચા કરો.

- પોસ્ટ-ઑફિસમાં શું-શું જોવા મળે છે ?

- શું પોસ્ટકાર્ડ લખીને વિદેશમાં સંદેશ પહોંચાડી શકાય ?

- પોસ્ટ-ઑફિસમાં બીજાં કયાં-કયાં કામ થાય છે ?

H6F8A9

## પોસ્ટ-ઑફિસની મુલાકાત :

નજીકની પોસ્ટ-ઑફિસની મુલાકાત લો. ત્યાં પત્રો કેવી રીતે આવે છે અને ત્યાંથી કેવી રીતે જાય છે તે નિહાળો. બીજું ત્યાં કયું કામ થાય છે ?

જૂના સમયમાં પત્રો કેવી રીતે પહોંચતા હતા, તે બાળકોને થોડા ઘરડાં માણસો પાસેથી જાણવા કહો. બાળકોને કદાચ પોસ્ટકાર્ડ પર સરનામું લખવા મદદની જરૂર પડે.

ઘરડાં માણસો ભૂતકાળ વિશે જાણવા ખૂબ જ મહત્ત્વના છે, તે સમજાવી, બાળકોને તેમની સાથે વાત કરવા પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રીના અને રાધા પત્ર વિશે શું વાતચીત કરી રહી છે?




રીના અને રાધા ગામમાં આવેલી એક દુકાને ફોન કરવા ગયાં. રાધાએ નંબર લગાવ્યો. બંનેએ તેમની દાદી સાથે વાત કરી. તેઓએ દુકાનદારને પૈસા આપ્યા. ખૂબ જ આનંદ સાથે ઘરે પાછાં આવ્યાં.

## વિચારો અને લખો :

- તમે બધાએ ટેલિફોન કે મોબાઈલ ક્યાં-ક્યાં જોયો છે ?

- ટેલિફોન કે મોબાઈલ પર તમે કોની-કોની સાથે વાત કરો છો ?

- તમને પત્ર લખવો અથવા ફોન કરવો, બંનેમાં શું પસંદ છે ? કેમ ?

ઘણાં કામમાં મહિલાઓ અને પુરુષો દ્વારા ટેક્નોલૉજીનો ઉપયોગ થાય છે. આધુનિક સમયમાં કમ્પ્યૂટર અને ઈન્ટરનેટ દ્વારા ઝડપી પત્રવ્યવહાર શક્ય બન્યો છે. આ અંગે બાળકો સાથે ચર્ચા કરવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર દોરો અને રંગ પૂરો :

❋ ટેલિફોન અલગ પ્રકારના હોઈ શકે છે. તમે જોયેલા ટેલિફોનના ચિત્રો દોરો.

| | | |
|---|---|---|
| | | |

## તમારો પોતાનો ટેલિફોન બનાવો :

**શું જોઈશે ? :** ખાલી દીવાસળીની પેટીઓ અથવા આઈસક્રીમના કપ અને દોરો(thread-થ્રેડ).

બંને દીવાસળીની પેટી અથવા આઈસક્રીમનાં કપમાં કાણું પાડો. બંને કાણાંમાંથી દોરો પસાર કરો. દોરાના બંને છેડે ગાંઠ મારો. તમારો ટેલિફોન તૈયાર છે. તમારા મિત્રને ટેલિફોનનો એક છેડો તેના કાન નજીક રાખવા કહો અને બીજો છેડો તમે તમારા મોં પાસે રાખો. ધ્યાન રાખો દોરો ખેંચાયેલો રહે અને ક્યાંય અડે નહિ. વાતચીત ચાલુ કરો.



## વિચારો અને લખો :

| | ટેલિફોન | પત્ર |
|---|---|---|
| શું સરખું? | | |
| શું જુદું ? | | |

બાળકના વાતાવરણને ધ્યાનમાં રાખી, વાતચીતનાં બીજાં સાધનો જેમ કે મોબાઈલ, ઈ-મેઈલ, ફેક્સ વગેરેની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in